# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પંડિત दीनदयाल उपाध्याय जन्म शताब्दी वर्ष 1916 2016

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા.૨૩.૦૧.૨૦૧૮

------------------

**સમગ્ર ગુજરાતમાં યુવા મોરચા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરી કુલ ૨૬,૩૨૩ રક્તયુનિટ એકત્ર કરાયા**

------------------

**સરહદ પર દેશની રક્ષા કરનાર જવાનો માટે નડાબેટ ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર યોજાયેલ વિશેષ રક્તદાન શિબિરમાં ૧૧૧૧ બોટલના ટાર્ગેટ સામે ૧૨૭૪ યુનિટ એકત્ર થયા**

------------------

પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી દરમ્યાન સમગ્ર ગુજરાતના જિલ્લા/મહાનગરોમાં રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **“તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દુંગા”**ના નારા સાથે ગુજરાતભરના યુવાનો રક્તદાન માટે આગળ આવ્યા હતા. સમગ્ર ગુજરાતના જિલ્લા/મહાનગરોમાં ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરી કુલ **૨૬,૩૨૩ રક્તયુનિટ** એકત્ર કરી યુવાનોએ નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

આજરોજ આ રક્તદાન શિબિર સપ્તાહ અંતર્ગત સીમા પર દેશની રક્ષા કરનાર જવાનો માટે નડાબેટ ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર એક વિશેષ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલે રક્તદાન શિબિરમાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રધ્ધાંજલિ અર્પણ કરી યુવાનોને સંબોધ્યા હતા. આ વિશેષ રક્તદાન શિબિરમાં પ્રદેશ મીડિયા સેલના કન્વીનરશ્રી ડૉ. હર્ષદ પટેલ, બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજી દેસાઈ, યુવા મોરચા ઝોન ઈન્ચાર્જશ્રી વિનય દેસાઈ, બનાસકાંઠા જીલ્લાના યુવા મોરચાના પ્રમુખશ્રી હરેશભાઈ ચૌધરી તથા પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ શ્રી પ્રવિણ માળી અને શ્રી કૌશલ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

આજરોજ સીમાના જવાનો માટે યોજાયેલ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં યુવા ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી **૧૧૧૧**ના ટાર્ગેટ સામે **૧૨૭૪** યુનિટ રક્તદાન કર્યુ હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૨૩.૦૧.૨૦૧૮

------------------

**પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ નવનિર્વાચિત ધારાસભ્યોના શપથવિધિ પ્રસંગે શુભેચ્છા પાઠવી**

------------------

**ગુજરાતની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારીએ- શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રેરિત વિકાસ યાત્રામાં જ બધી જ સમસ્યાઓનું સમાધાન છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ નવનિર્વાચિત ધારાસભ્યોના શપથવિધિ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. ૧૪મી ગુજરાત વિધાનનસભાના પ્રોટેમ સ્પીકર ડૉ. નિમાબેન આચાર્યએ આજે ૧૪મી વિધાનસભાના નવનિર્મિત ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલના સાબરમતી કક્ષમાં યોજાયેલ શપથવિધિ બેઠકમાં ધારાસભ્યો તરીકે શપથ લેવડાવ્યા હતા. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ઉપનેતા તરીકે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, વિકાસપુરુષ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રેરિત વિકાસયાત્રમાં જ બધી સમસ્યાઓનું સમાધાન છે. ગુજરાતની સાડા ૬ કરોડ પ્રજાની સુખ-શાંતિ-સમૃધ્ધિને આગળ ધપાવીએ અને પ્રજાની સેવામાં તત્પર રહીએ તેમશ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, વિશ્વમાં જે કાંઇ પણ શ્રેષ્ઠ છે તેને ગુજરાતમાં લાવીએ, ગુજરાતની વિકાસની અવિરત યાત્રાને આગળ વધારીએ. નવા ગુજરાતની સંકલ્પના સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના **"ન્યુ ઇન્ડિયા"**ના સંકલ્પમાં ભાગીદાર બનીએ. ગુજરાતની પ્રજાએ ભાજપાને સતત છઠ્ઠીવાર સેવાનો મોકો આપ્યો છે તે બદલ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો. આવનારા પાંચ વર્ષોમાં **"પ્રજાના સુખે સુખી અને દુ:ખે દુ:ખી"**ના સૂત્ર સાથે **"સબકા સાથ સબકા વિકાસ"** મંત્રને ચરિતાર્થ કરીએ તેવી પ્રતિબધ્ધતા સાથે સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી વાઘાણીએ વિપક્ષને પણ સકારાત્મકતા સાથે પ્રજાના સેવાયજ્ઞમાં જોડાવા અપીલ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૨૩.૦૧.૨૦૧૮

------------------

**ગુજરાત ભાજપા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ ક્ષત્રિય સમાજ તેમજ વિવિધ સામાજીક સંગઠનોને "પદ્માવત્" ફિલ્મ મુદ્દે શાંતિ જાળવવા અપીલ કરી**

------------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ અગાઉ પહેલા પણ પદ્માવતી ફિલ્મના ગુજરાતમાં પ્રસારણ અંગે એક નોટીફિકેશન જાહેર કરીને ફિલ્મને દર્શાવવા અંગે પ્રતિબંધ લગાવ્યો હતો તે પછી ફરીથી બીજી વખત પણ પદ્માવત્ ફિલ્મને ગુજરાતમાં ન દર્શાવવા અંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ નોટીફિકેશન પ્રસિધ્ધ કર્યુ હતું. ફિલ્મમાં ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને તોડી-મરોડીને વિકૃત રીતે સમાજ સમક્ષ રજુ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેના કારણે ક્ષત્રિય સમાજ અને વિવિધ સામાજીક સંગઠનોની લાગણી દુભાઇ રહી છે. જેના કારણે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ના બગડે તે હેતુથી પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, નામદાર સુપ્રિમ કોર્ટમાં લોકલાગણીના પ્રતિબિંબ સાથે રાજ્ય સરકાર તરફથી નામદાર સુપ્રિમ કોર્ટને વિવાદીત ફિલ્મ દર્શાવવાના કારણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થામાં શું પરીસ્થિતીઓ સર્જાઇ શકે તે અંગે વાકેફ કર્યા હતા પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટે ફિલ્મ દર્શાવવાનો ચૂકાદો આપ્યો છે. ગુજરાત રાજ્યના મલ્ટીપ્લેક્ષ થીયેટરના એશોસિયેશને પણ ફિલ્મ ન દર્શાવવા અંગેની તેમની સંમતિ આપી છે તે ખૂબજ આવકાર્ય બાબત છે.

ક્ષત્રિય સમાજ તેમજ વિવિધ સામાજીક સંગઠનોને શાંતિ અને એખાલસનું વાતાવરણ સમગ્ર રાજ્યમાં અકબંધ રહે તે માટે શ્રી વાઘાણીએ અપીલ કરી હતી.

સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેની જવાબદારી આપણી સૌની છે. ક્યાંય પણ કોઇપણ જાતની અફવાઓમાં ન દોરવાઇ જઇએ અને કોઇને પણ કોઇપણ જાતનું નુકશાન ન પહોચાડીએ તેમશ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ